# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) **સોમનાથ અમૃત પર્વમાં સહભાગી થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું સોમનાથ મંદિર આપણને યાદ અપાવે છે કે, વારસો જળવાઈ રહે ત્યારે જ કોઈ દેશ અસ્તિત્વમાં રહી શકે.**

2) **પ્રધાનમંત્રીએ ગુજરાતનાં વડોદરામાં રાજ્યના ત્રીજા સરદારધામનું લોકાર્પણ કર્યું.**

3) **સરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વધુ વિશ્વસનીય અને વૈવિધ્યસભર ઉર્જા સ્ત્રોતોને ઓળખવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.**

4) **વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં 2.6 ટકાનો ઉછાળો.**

5) **IPL ક્રિકેટમાં આજે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.**

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે ભારત આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. તેમાં સાંસ્કૃતિક વારસાની મહત્વની ભૂમિકા છે. પ્રભાસપાટણમાં "સોમનાથ અમૃત પર્વ" નિમિત્તે આજે જાહેરસભા સંબોધતા શ્રી મોદીએ કહ્યું, સાંસ્કૃતિક સ્થળો વર્ષોથી ભારતની ઓળખ રહ્યાં છે. તેમણે ઉમેર્યું, 75 વર્ષ પહેલા વર્ષ 1951માં આજના દિવસે સોમનાથ મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા એ સાધારણ અવસર નહતો, પરંતુ તે ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ હતો.

પ્રધાનમંત્રીએ આ પર્વને આવનારા એક હજાર વર્ષ માટે દેશની પ્રેરણાનો મહોત્સવ ગણાવતા કહ્યું, સોમનાથ મંદિર આપણને યાદ અપાવે છે કે, કોઈ દેશ ત્યારે જ અસ્તિત્વમાં રહી શકે જ્યારે તેનો વારસો જળવાઈ રહે. તેમણે કહ્યું, સોમનાથ મંદિરના પુનઃનિર્માણની હજારો વર્ષોની આ આધ્યાત્મિક ચેતના માનવ માત્રને કલ્યાણની શીખ વિશ્વને આપી રહી છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)

શ્રી મોદીએ વધુમાં કહ્યું, તીર્થસ્થળોનો વિકાસ ભારતની આર્થિક પ્રગતિ સાથે જોડાયેલો છે. તેમણે સોમનાથ સહિતના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને હજારો વર્ષની પરંપરાને આગળ ધપાવવાની જવાબદારી નવી પેઢીને સોંપવા પર પણ ભાર આપ્યો.

શ્રી મોદીએ સોમનાથ મંદિરની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનારાં હમીરજી ગોહિલ, પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર જેવી મહાન વિભૂતિઓનું પણ સ્મરણ કર્યું હતું.

# PM SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહ્યું છે કે સોમનાથ અખંડ અને શાશ્વત છે અને દેશની સભ્યતા હિમ્મત અને અખંડ ભક્તિનું પ્રદર્શન કરે છે. શ્રી મોદી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના પુનઃનિર્માણને 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે "સોમનાથ અમૃત પર્વ"ની ઉજવણીમાં સહભાગી થયા હતા.. તેમણે સોમનાથ મંદિરમાં ભગવાન સોમનાથની મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ કરી લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી. વૈભવશાળી યશોગાથા સાથે સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમે આકાશમાં રજૂ કરેલા દિલધડક કરતબે સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.આ ઉપરાંત મંદિર શિખર પર પુષ્પવર્ષા પણ કરવામાં આવી.

આ પ્રસંગે સોમનાથ મંદિરના ઇતિહાસમાં પહેલી વાર 11 તીર્થસ્થળમાંથી લવાયેલા પવિત્ર જળનો મંદિરને અભિષેક કરાયો હતો. શંખ અને ડમરુંના નાદ તથા અમૃતકળશ સાથે પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત કરાયું હતું. દરમિયાન શ્રી મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પહેલા પ્રધાનમંત્રીએ એક કિલોમીટરનો રોડ શૉ કરી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ શ્રી મોદીની સાથે સહભાગી થયા હતા.

# PM MODI VADODARA GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમાજ અને સરકારને સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર આપ્યો. ગુજરાતના વડોદરામાં 150 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા સરદારધામ પરિસરનું લોકાર્પણ કર્યા બાદ સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજે શિક્ષણ ક્ષેત્રમાં પાયાની હકીકતોના આધારે કામ થઈ રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તેનું મોટું ઉદાહરણ છે. શ્રી મોદીએ કહ્યું, નાના શહેરો સાથે જોડાયેલા મોટા-મોટા સ્ટાર્ટ-અપ્સ આજે આગળ આવી રહ્યા છે અને તેમાં મહિલાઓની ભાગીદારી સતત વધી રહી છે. પહેલા જે ક્ષેત્રને જોખમી ગણવામાં આવતા તે હવે યુવાનોની પહેલી પસંદ બની ગયા છે.

સમારોહમાં પાટીદાર સમાજના અગ્રણીઓએ શ્રી મોદીને વિવિધ ભેટ આપી તેમનું સન્માન કર્યું. આ પહેલા શ્રી મોદીએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાઅંજલી અર્પણ કરી. તેમણે સ્વાગત ક્ષેત્ર, ભોજન ક્ષેત્ર અને ઈ-પુસ્તકાલયનું નિરીક્ષણ કર્યું.

ઉલ્લેખનીય છે કે સરદારધામમાં બે હજાર વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સુવિધાની સાથે કેન્દ્રીય ભોજનાલય, પુસ્તકાલય અને સભાખંડ જેવી સુવિધાઓ હશે.

# GOVERNMENT - PETROLEUM PRODUCTS

સરકારે જણાવ્યું છે કે કોઈપણ પેટ્રોલિયમ ઉત્પાદનની અછત નથી અને દેશમાં 60 દિવસનો ક્રૂડ ઓઇલ, 60 દિવસનો કુદરતી ગેસ અને 45 દિવસનો LPG ભંડાર છે. આ માહિતી નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં પશ્ચિમ એશિયા પરના મંત્રીઓના અનૌપચારિક જૂથની 5મી બેઠક દરમિયાન આપવામાં આવી હતી. બેઠકમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની ઓછામાં ઓછી અસર થાય તે સુનિશ્ચિત કરવા માટે દેશની તૈયારીઓને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી સિંહે દેશના ઉર્જા મિશ્રણમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાની, નવીનીકરણીય-આધારિત વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતોને ઝડપથી વિસ્તૃત કરવાની અને વધુ વિશ્વસનીય અને વૈવિધ્યસભર ઉર્જા સ્ત્રોતોને ઓળખવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.

# INTERMINISTREY BREIFING

સરકારે જણાવ્યું છે કે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ઘરેલુ LPG પુરવઠો અવિરત ચાલુ છે. આજે નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં વર્તમાન વિકાસ અંગે આંતર-મંત્રીસ્તરીય બ્રીફિંગને સંબોધતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં એક કરોડ 26 લાખ બુકિંગ થયા છે, જેમાંથી એક કરોડ 14 લાખ ઘરેલુ LPG સિલિન્ડર પહોંચાડવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે સરકાર ગ્રાહકોને ઇંધણ પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે

## (BYTE – SUJATA SHARMA)

રસાયણ અને ખાતર મંત્રાલયના અધિક સચિવ અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે 2026 ખરીફ સિઝન માટે દેશમાં ખાતરનો ભંડાર 51 ટકાથી વધુ છે. તેમણે કહ્યું કે કટોકટીના સમયગાળાથી ખાતરનું સ્થાનિક ઉત્પાદન અને આયાત 76.78 ટકા રહી છે. તેમણે ઉમેર્યું હતું કે ખેડૂતો માટે રાષ્ટ્રીય ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે 97 લાખ મેટ્રિક ટન વિવિધ ખાતરો ઉમેરવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# ENVIORNMENT- CII SUMMMIT

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે ઔધ્યોગિક નેતાઓને વાઘ, સિંહ, ચિત્તા સહિતની 7 વૈશ્વિક મોટી બિલાડીના સંરક્ષણ પ્રયાસોને સક્રિયપણે સમર્થન આપવા વિનંતી કરી. નવી દિલ્હીમાં CII વાર્ષિક વ્યાપાર શિખર સમેલનને સંબોધતા, શ્રી યાદવે જણાવ્યું હતું કે રહેઠાણ પુનઃસ્થાપન, ટેકનોલોજી-આધારિત દેખરેખ અને મોટી બિલાડીઓના સમુદાય-આધારિત સંરક્ષણ માટે કોર્પોરેટ ભંડોળ આવશ્યક છે.

શ્રી યાદવે જણાવ્યું કે મોટી બિલાડી પ્રજાતિઓના રક્ષણ માટે રાજધાની દિલ્લીમાં આવતા મહિનાની 1લી અને 2જી તારીખે પ્રથમ આંતરરાષ્ટ્રીય મોટી બિલાડી સમિટનું આયોજન કરાશે. તેમણે ઉમેર્યું કે મોટી બિલાડીઓ પર્યાવરણીય સંતુલન જાળવવા અને જૈવવિવિધતા અને જળ સંસાધનોના સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભારતની આબોહવા સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, શ્રી યાદવે જણાવ્યું હતું કે દેશ હવે નવીનીકરણીય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે, જ્યારે સંચિત સૌર ક્ષમતા આ વર્ષે માર્ચ સુધીમાં 150 ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતની સ્થાપિત વીજળી ક્ષમતાનો લગભગ 50 ટકા હિસ્સો હવે બિન-અશ્મિભૂત ઇંધણ સ્ત્રોતોમાંથી આવે છે.

# REV. JITENDRA SINGH- TECH DAY DELHI

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે લોકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાત શક્તિશાળી અપીલો પર ધ્યાન આપવા વિનંતી કરી. રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલતા ડૉ. સિંહે નોંધ્યું કે 1998માં આ દિવસે પોખરણમાં ત્રણ પરમાણુ પરીક્ષણો કરવામાં આવ્યા હતા. ડૉ. સિંહે નોંધ્યું કે છેલ્લા દાયકામાં ભારતનું સંરક્ષણ ઉત્પાદન 174 ગણું વધીને 1 લાખ 54 હજાર કરોડ થયું છે

(BYTE – JITENDRA-SINGH)

# IPL

IPL ક્રિકેટમાં, હાલ ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ ચાલી રહી છે. અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સ ની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. હાલમાં મળતા છેલ્લા અહવાલ મુજબ પંજાબ કિંગ્સે 04 ઓવરમાં શૂન્ય વિકેટે 59 રન બનાવ્યા છે.

પોઈન્ટ ટેબલમાં હાલ દિલ્હીની ટીમ 8માં ક્રમે અને પંજાબની ટીમ 4 ક્રમે છે.

# CRUDE OIL

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે, ઈરાનના તાજેતરના શાંતિ પ્રસ્તાવને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યા બાદ લાંબા સમય સુધી પુરવઠા અવરોધોના ભય વચ્ચે આજે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થયો હતો. છેલ્લે અહેવાલો આવ્યા ત્યારે બ્રેન્ટ ક્રૂડ લગભગ 2.6 ટકા વધીને 103 અમેરિકી ડોલર અને 89 સેન્ટ પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું હતું, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ક્રૂડ પણ 2.6 ટકા વધીને 97 યુએસ ડોલર 90 સેન્ટ પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું હતું.